Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

મેરી ક્રિસમસ
# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ પાંચમ, ગુરુવાર ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૫૩
પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# અરવલ્લીમાં નવા ખાણકામ લીઝ પર પ્રતિબંધ

**કેન્દ્ર** દ્વારા તમામ સંબંધિત રાજ્યો હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતને નિર્દેશ જારી કરવામાં આવ્યો

**ગુજરાતથી** એનસીઆર સુધી વિસ્તરેલી પર્વતમાળા તરીકે અરવલ્લીને સુરક્ષિત રાખવાનો ઉદ્દેશ : પર્યાવરણ મંત્રાલય

**નવી દિલ્હી, તા. 24 :** અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની વ્યાખ્યા પર તાજેતરમાં જાહેર કરાયેલા નવા નિયમોના વિવાદ વચ્ચે, સરકારે આજે અરવલ્લીમાં નવા ખાણકામ લીઝ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. ટકાઉ ખાણકામ માટે વ્યાપક વ્યવસ્થાપન યોજના તૈયાર ન થાય ત્યાં સુધી સુપ્રીમ કોર્ટે નવા ખાણકામ લીઝ પર પ્રતિબંધ લાદ્યાના થોડા દિવસો પછી પણ આ આદેશ આવ્યો છે. અલવલ્લીને સંબંધિત હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના મુખ્ય સચિવોને આ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી સમગ્ર અરવલ્લી પર્વતમાળાના ગેરકાયદેસર ખાણકામથી સંરક્ષણ અને રક્ષણ તરફ એક મોટું પગલું ભરતા, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે રાજ્યોને અરવલ્લીમાં કોઈપણ નવા ખાણકામ લીઝ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાના નિર્દેશો જારી કર્યા છે એવું મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. સરકારે જણાવ્યું હતું કે આ પ્રતિબંધ સમગ્ર અરવલ્લી લેન્ડસ્કેપમાં સમાન રીતે લાગુ પડે છે અને તેનો હેતુ શ્રેણીની અખંડિતતા જાળવવાનો છે. આ દિશાનિર્દેશોનો ઉદ્દેશ્ય ગુજરાતથી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) સુધી વિસ્તરેલી સતત ભૂસ્તરીય પર્વતમાળા તરીકે અરવલ્લીને સુરક્ષિત રાખવા અને તમામ અનિયંત્રિત ખાણકામ પ્રવૃત્તિઓને રોકવાનો છે.

સરકારે ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદને જણાવ્યું હતું કે તેઓ સમગ્ર અરવલ્લીમાં એવા વધારાના વિસ્તારો અને ઝોન ઓળખે, જ્યાં કેન્દ્ર દ્વારા ખાણકામ માટે પહેલાથી જ પ્રતિબંધિત વિસ્તારો ઉપરાંત, પર્યાવરણીય, ભૂસ્તરશાસ્ત્રીય અને લેન્ડસ્કેપ-સ્તરના વિચારણાઓના આધારે ખાણકામ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. કેન્દ્રએ જણાવ્યું હતું કે પહેલેથી જ કાર્યરત ખાણો માટે રાજ્ય સરકારોએ તમામ પર્યાવરણીય સલામતીના

...અનુસંધાન પાના 10 પર

## માઉન્ટ આબુથી 1000 કિલોમીટરની રેલી સાથે અરવલ્લી બચાવો આંદોલનનો પ્રારંભ

જયપુર, તા. 24 (પીટીઆઈ) : અરવલ્લી પર્વતમાળા અને તેના પર્યાવરણીય મહત્વ અંગે જનજાગૃતિ લાવવા માટે બુધવારે એક યુવા નેતાએ 1000 કિલોમીટરની પદયાત્રાને લીલી ઝંડી આપી હતી. અરવલ્લી બચાવો આંદોલનની શરૂઆત નેતા નિર્મલ ચૌધરીએ માઉન્ટ આબુમાં આવેલા અર્બુદા દેવી મંદિરમાં પ્રાર્થના કરીને કરી હતી, જે અરવલ્લી પર્વતમાળાનું સૌથી ઊંચું શહેર છે. એક સભાને સંબોધતા તેમણે કહ્યું કે અરવલ્લીઓ માત્ર એક પર્વતમાળા નથી પરંતુ રાજસ્થાનના પર્યાવરણ, જળ સુરક્ષા અને જીવન વ્યવસ્થાની કરોડરજ્જુ છે. જો અરવલ્લીઓનો નાશ થાય છે, તો રાજ્ય ગંભીર પર્યાવરણીય સંકટનો સામનો કરશે. માઉન્ટ આબુમાં એક શોભાયાત્રા પછી, પદયાત્રા આબુ રોડ તરફ આગળ વધી, જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લીધો. દરમિયાન, આબુરોડ સંત મંડળના ઘણા સંતોએ પગપાળા કૂચને ટેકો આપ્યો. સંત નિરંજન ગિરિ મહારાજે કહ્યું કે અરવલ્લીઓ જીવનરેખા છે અને તેમનું રક્ષણ દરેક નાગરિકની જવાબદારી છે.

## ઈસરોએ અત્યાર સુધીનો સૌથી ભારે ઉપગ્રહ લોન્ચ કર્યો



**બાહુબલી** રોકેટ દ્વારા 6,100 કિલો વજનનો બ્લુબર્ડ બ્લોક-2 અમેરિકી ઉપગ્રહ બુધવારે વૈશ્વિક લો અર્થ ઓર્બિટમાં સ્થાપિત કરાયો

**શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ), તા. 24 (PTI):** ઐતિહાસિક નાતાલની પૂર્વ સંધ્યાના મિશનમાં, ઈસરોના સૌથી ભારે રોકેટ, એલવીએમ3-એમ6એ બુધવારે એક ભારે અમેરિકી કોમ્યુનિકેશન સેટેલાઇટને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મૂક્યો, જેને અવકાશ એજન્સીના વડાએ દેશને તહેવારોની સિઝનની ભેટ તરીકે વર્ણવ્યું.

6,100 કિલોગ્રામ વજનનો બ્લુબર્ડ બ્લોક-2 ઉપગ્રહ વૈશ્વિક લો અર્થ ઓર્બિટ (એલઈઓ) મિશનનો એક ભાગ છે જે ઉપગ્રહ દ્વારા ડાયરેક્ટ-ટુ-મોબાઇલ કનેક્ટિવિટી પ્રદાન કરશે જે 4-જી અને 5-જી વોઇસ અને વીડિયો કોલ્સ, ટેક્સ્ટ્સ, સ્ટ્રીમિંગ અને ડેટા દરેક માટે, દરેક સમયે, દરેક જગ્યાએ સક્ષમ બનાવશે. ઈસરોએ જણાવ્યું હતું કે, તે ભારતીય ભૂમિ પરથી લોન્ચ કરવામાં આવેલો આ સૌથી ભારે ઉપગ્રહ હતો.

ઈસરોએ જણાવ્યું હતું કે એલવીએમ3-એમ6, જેને તેની ભારે વજન ઉપાડવાની ક્ષમતા માટે 'બાહુબલી' ઉપનામ આપવામાં આવ્યું હતું, તેણે એક ચોકસાઈ સાથેના પ્રક્ષેપણમાં ઉપગ્રહને તેની ઇચ્છિત ભ્રમણકક્ષામાં ઇન્જેક્ટ કર્યો હતો.

ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) અને અમેરિકા સ્થિત એએસટી સ્પેસમોબાઇલ (એએસટી અને સાયન્સ, એલએલસી) વચ્ચેના વાણિજ્યિક કરારના ભાગ રૂપે એલવીએમ3-એમ6એ કોમ્યુનિકેશન સેટેલાઇટ વહન કર્યું.

ન્યૂસ્પેસ ઇન્ડિયા એ ઈસરોની વાણિજ્યિક શાખા છે.

બુધવારે, 43.5 મીટર ઊંચા રોકેટે સવારે 8.55 વાગ્યે અહીં બીજા લોન્ચ પેડથી ભવ્ય રીતે ઉડાન ભરી હતી. લગભગ 15 મિનિટની ઉડાન મુસાફરી પછી, અવકાશયાન લોન્ચ વાહનથી અલગ થઈ ગયું અને તેને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું, જેનાથી શ્રીહરિકોટાના મિશન કંટ્રોલ સેન્ટરમાં ચારે બાજુ ખુશીનો માહોલ છવાઈ ગયો.

અવકાશ એજન્સીએ

...અનુસંધાન પાના 10 પર

## દિલ્હી ડાયરી

### બેડમિન્ટન કોર્ટ પર ન્યાયતંત્ર વિરુદ્ધ વિધાનસભા

તાજેતરમાં ન્યાયતંત્ર વિરુદ્ધ વિધાનસભા વચ્ચેની ચર્ચા દરમિયાન સંસદે ભારતની સર્વોચ્ચ અદાલત પર એક 'વિશ્વાસપાત્ર' જીત મેળવી. એ વાત બીજી છે કે, આ જીત કોર્ટરૂમમાં કે સંસદના બંને ગૃહોમાંથી કોઈમાં નહીં, પરંતુ બેડમિન્ટન કોર્ટ પર હતી. દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે આયોજિત એક પ્રદર્શન મેચમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ન્યાયાધીશ વિક્રમ નાથ સાથે મળીને સંસદીય બાબતોના મંત્રી એમ. કિરેન રિજ્જુ અને કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલનો સામનો કર્યો. મંત્રીમંડળની ટીમે લોર્ડશીપ્સ પર સરળ જીત મેળવી. પ્રદર્શન મેચ બે દિવસીય ટુર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ હતું, જેમાં સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટના ૮૦થી વધુ ન્યાયાધીશોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટનું આયોજન ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ખેલાડી અબંતિકા ડેકાએ કાયદા અને ન્યાય મંત્રાલય અને ભારતના સર્વોચ્ચ અદાલતના સમર્થનથી કર્યું હતું. વિધાનસભા અને ન્યાયતંત્ર વચ્ચે તણાવપૂર્ણ ખેંચતાણ અને વિધાનસભા પર ન્યાયતંત્રને ડરાવવાના આક્ષેપો વચ્ચે રમતગમત ક્ષેત્રે આવી મુલાકાત તણાવ ઓછો કરવા માટે એક સારું પગલું છે.

### બિહારના સીઈઓએ દિલ્હીમાં ઈસીઆઈ મુખ્યાલયની મુલાકાત લીધી

કેટલાક મહિનાઓ સુધી ભારે વ્યસ્તતા પછી આ વર્ષે

...અનુસંધાન પાના 10 પર

## દિલ્હી હાઈકોર્ટે GST કાઉન્સિલને એર પ્યોરીફાયર પર વેરો ઘટાડવા કહ્યું

**દિલ્હીમાં** ગંભીર થતા વાયુ પ્રદુષણને જોતા કોર્ટે જીએસટી કાઉન્સિલને વહેલી તકે બેઠક કરી આ અંગે નિર્ણય લેવા કહ્યું

**નવી દિલ્હી, તા. 24 (PTI):** દિલ્હી હાઈકોર્ટે રાષ્ટ્રીય રાજધાનીમાં હવાની ગુણવત્તા બગડી રહી છે તેને ધ્યાનમાં રાખીને બુધવારે જીએસટી કાઉન્સિલને 'એર પ્યોરીફાયર' પરનો માલ અને સેવા કર ઘટાડવા અથવા નાબૂદ કરવા અંગે વહેલી તકે બેઠક કરવાનો અને વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેન્ચે આ મામલો 26 ડિસેમ્બર માટે વેકેશન બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કર્યો હતો જેથી કેન્દ્રીય અધિકારીઓના વકીલ કોર્ટને જાણ કરી શકે કે કાઉન્સિલની બેઠક ક્યારે મળી શકે છે અને આ મુદ્દા પર યોગ્ય નિર્ણય લઈ શકે છે.

કોર્ટે કહ્યું કે જો કાઉન્સિલની બેઠક રૂબરૂ હાજર રહીને શક્ય ન હોય, તો તેને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આયોજિત કરવાનું વિચારી શકાય છે.

કેન્દ્રના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલ એક અખિલ ભારતીય સંસ્થા છે અને આવા કોઈપણ મુદ્દા માટે બેઠક બોલાવવામાં થોડો સમય લાગી શકે છે, તેથી બેન્ચે કહ્યું, 'અમે જીએસટી કાઉન્સિલની રચનાથી વાકેફ છીએ અને બેઠક બોલાવવામાં સમય લાગી શકે છે તેની નોંધ લઈએ છીએ.' 'જોકે, દિલ્હી રાજ્ય અને નજીકના વિસ્તારોમાં હવાની ગુણવત્તાની સ્થિતિને ધ્યાનમાં લેતા, અમે માનીએ છીએ કે કાઉન્સિલને વહેલી તકે બેઠક બોલાવવાની જરૂર છે', એમ બેન્ચે ઉમેર્યું અને અરજી પર કેન્દ્રને નોટિસ જારી કરી.

અદાલત એક જાહેર હિતની અરજી પર સુનાવણી કરી રહી હતી

...અનુસંધાન પાના 10 પર

## તુર્કીમાં વિમાન અકસ્માતમાં લિબિયાના સૈન્ય વડા સહિત આઠનાં મોત



**મૃત્યુ** પામેલા અન્ય ચાર અધિકારીઓમાં લિબિયાના ભૂમિ દળોના વડા પણ સામેલ હતાં શોધ ટીમને વોઈસ અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર મળી આવ્યા

**અંકારા, તા. 24 (AP):** લિબિયાના સૈન્ય વડા જનરલ મુહમ્મદ અલી અહમદ અલ-હદ્દાદ, ચાર અન્ય અધિકારીઓ અને ત્રણ ક્રૂ સભ્યોને લઈ જતું ખાનગી જેટ મંગળવારે તુર્કીની રાજધાની અંકારાથી ઉડાન ભર્યા પછી દેશની હદમાં જ તૂટી પડ્યું હતું, જેમાં સવાર તમામ આઠ લોકોનાં મોત થયાં હતાં. લિબિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માતનું કારણ વિમાનમાં ટેકનિકલ ખામી હતી.

બુધવારે વિમાન દુર્ઘટનાના સ્થળે શોધ અને પુનઃપ્રાપ્તિ ટીમોએ તેમની કામગીરી વધુ તીવ્ર બનાવી હતી, ભારે વરસાદ અને ધુમ્મસભર્યી રાત્રિ પછી તેઓ વિસ્તારને સુરક્ષિત કરવા અને પીડિતોના મૃતદેહને શોધવાનું કામ કરી રહ્યા હતા, એમ તુર્કીની સરકારી સમાચાર એજન્સીએ જણાવ્યું હતું. જો કે ટીમને કોકપીટ વોઈસ અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર મળી આવ્યા હતા. વિમાનનો કાટમાળ 3 ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાઈ ગયો છે.

પરિવારના પાંચ સભ્યો સહિત 22 લોકોનું પ્રતિનિધિમંડળ લિબિયાથી બુધવારે આવી પહોંચ્યું હતું.

લિબિયન પ્રતિનિધિમંડળ અંકારામાં ઉચ્ચ સ્તરીય સંરક્ષણ વાટાઘાટો કર્યા બાદ ત્રિપોલી પરત ફરી રહ્યું હતું, આ બેઠકનો હેતુ બંને દેશો વચ્ચે લશ્કરી સહયોગ વધારવાનો હતો.

લિબિયન વડા પ્રધાન અબ્દુલ-હામિદ દબેબાહે ફેસબુક પર આ ઘટનાને 'દુઃખદ અકસ્માત' અને લિબિયા માટે 'મોટી ખોટ' ગણાવતા મૃત્યુની પુષ્ટિ કરી હતી.

અલ-હદ્દાદ પશ્ચિમ લિબિયામાં ટોચના લશ્કરી કમાન્ડર હતા અને તેમણે લિબિયાની સૈન્યને એક કરવા માટે ચાલી રહેલા, યુએન

...અનુસંધાન પાના 10 પર

## સેંગરની સજા સ્થગિત થતા ઉન્નાવ બળાત્કાર પીડિતા સુપ્રીમમાં જશે

**પીડિતાના** ગુનેગારને જામીન આપવામાં આવ્યા તે અત્યંત નિરાશાજનક અને શરમજનકઃ રાહુલ ગાંધી

**ઉન્નાવ-બલિયા (ઉ.પ્ર.), તા. 24 (PTI):** 2017ના ઉન્નાવ બળાત્કાર પીડિતાએ આરોપી, ભાજપના હાંકી કાઢવામાં આવેલા નેતા કુલદીપ સિંહ સેંગરની જેલની સજા સ્થગિત કરવાના દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને તેના પરિવાર માટે 'કાળ' ગણાવ્યો અને કહ્યું કે તે તેની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જશે.

આ દરમિયાન, મહિલા અધિકારોની કાર્યકર્તા યોગિતા ભયાના, જેમણે મંગળવારે રાત્રે ઈન્ડિયા ગેટ પર બળાત્કાર પીડિતાની માતા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું, તેમણે એક્સ પર એક વીડિયો શેર કર્યો, જેમાં બળાત્કાર પીડિતાને કહેતી સાંભળવામાં આવી રહી છે કે તે સવારે તેના વકીલને મળવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના (સીઆરપીએફ) કર્મચારીઓએ તેને ઘરે પાછી મોકલવાનો પ્રયાસ કર્યો.

...અનુસંધાન પાના 10 પર

### જો મારા બાળકો ન હોત તો હું આત્મહત્યા કરી લેત : ઉન્નાવ બળાત્કાર પીડિતા

**નવી દિલ્હી.** ઉન્નાવ બળાત્કાર પીડિતાએ બુધવારે કહ્યું હતું કે, તેના બાળકોનો વિચાર કરીને તેમણે આત્મહત્યા કરવાનો વિચાર છોડી દીધો. જ્યારે દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં દોષિત ભાજપના હાંકી કાઢવામાં આવેલા નેતા કુલદીપ સિંહ સેંગરની જેલની સજા સ્થગિત કરવાનો નિર્ણય કર્યો ત્યારે પીડિતાએ

...અનુસંધાન પાના 10 પર

## ચીન બેવડી રમત રમી રહ્યુ છે : USની ભારતને ચેતવણી

**ચીન** ભારત-અમેરિકા સંબંધોને ગાઢ બનતા અટકાવવા માગતુ હોવાનો અમેરિકાના યુદ્ધ વિભાગનો અહેવાલ

**ચીન** કદાચ વાસ્તવિક નિયંત્રણ રેખા પર તણાવ ઓછો કરવાના પ્રયાસનો લાભ ઉઠાવીને ભારત સાથે દ્વિપક્ષીય સંબંધો સ્થિર કરવા માગે છેઃ અહેવાલ

**ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 24 (PTI):** ચીન કદાચ વાસ્તવિક નિયંત્રણ રેખા પર તણાવ ઓછો કરવાના પ્રયાસનો લાભ ઉઠાવીને ભારત સાથે દ્વિપક્ષીય સંબંધો સ્થિર કરવા માગે છે જેથી અમેરિકા-ભારત સંબંધો વધુ ગાઢ બનતા અટકાવી શકાય, એમ અમેરિકાના યુદ્ધ વિભાગના એક અહેવાલમાં જણાવાયું છે.

મંગળવારે કોંગ્રેસને સોંપવામાં આવેલા 'પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના 2025' વિષય પરના તેના વાર્ષિક અહેવાલમાં, વિભાગે જણાવ્યું હતું કે ઓક્ટોબર 2024માં, ભારતીય નેતૃત્વએ ચીન સાથે એક કરારની જાહેરાત કરી હતી.

આ કરાર બ્રિક્સ સમિટ દરમિયાન ચીન પ્રમુખ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની બેઠકના બે દિવસ પહેલા, વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર બાકી બચેલા મડાગાંઠના સ્થળોથી સૈન્યને પાછી બોલાવવાનો હતો.

જિનપીંગ-મોદીની મુલાકાતથી બંને દેશો વચ્ચે માસિક ઉચ્ચ-સ્તરીય વાતચીત શરૂ થઈ, જ્યાં પક્ષોએ સરહદ વ્યવસ્થાપન અને દ્વિપક્ષીય સંબંધો માટેના આગામી પગલાં, જેમાં સીધી ફ્લાઈટ્સ, વિઝા સુવિધા અને શિક્ષણવિદો અને પત્રકારોના આદાન-પ્રદાનનો સમાવેશ થાય છે, તેની ચર્ચા કરી.

'ચીન કદાચ દ્વિપક્ષીય સંબંધોને

...અનુસંધાન પાના 10 પર

તા. ૨૪-૧૨-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૨° સે. | ૧૯.૦° સે. | ૪૧% |

